ફો.કે.નં.૭૪૩/૨૦૨૪

| એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ની અદાલત માં, તા.બાયડ જી.અરવલ્લી |
|---|

આંક–૦૧ લગત હુકમ

ફરીયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપી:– ચિરાગગીરી રમેશગીરી ગોસ્વામી
રહે. રડોદરા તા.બાયડ જી.અરવલ્લી

<u>ગુનો:– ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ–૬૬(૧)બી મુજબ.</u>

<u>–: ઠરાવ:–</u>

(૧) આજરોજ નામદાર નેશનલ લીગલ સવીર્સ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર જિલ્લા કાનુની સેવા સતા મંડળનાનિર્દેશથી આજરોજ ની લોકઅદાલત માં સ્પેશયલ સીટીંગની મેજીસ્ટ્રેટને સત્તા આપવામાં આવેલ છે તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલ છે.

(૩) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે આ પ્રથમ ગુન્હો છે અને તેઓસામાન્ય અને ગરીબ વર્ગના છે, કોઈ સ્થિર ધંધો નથી તેઓછુટક મજુરી કરી ગુજરાન ચલાવે છે અનેકુંટુબમાં એક જ કમાનાર સભ્ય છે. જેથી તેઓનીસામાજીક તથા આર્થિક પરિસ્થિતીને ધ્યાનમા રાખી રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે.

(૪) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે આરોપી વગર પાસ પરમીટના દારૂનો નશો કરી જાહેર સ્થળ ઉપરથી લથડીયા ખાતા પકડાયેલ છે જેથી આરોપી વિરુધ્ધ ગુજરાત રાજય નશાબંધી અધિનીયમની કલમ ૬૬(૧)બી મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

(૫) આરોપી વિરુધ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી ધ્વારા કરેલ ગુના કબુલાત ધ્યાનેં લેતા તેમજ આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુક તથા સામાજીક જવાબદારી ધ્યાને લેતા તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતા આ કામના આરોપીનો પ્રથમ ગુનો હોવાનુ જણાય આવે છે જેથી મારુ નમ્ર પણે માનવુ છે કે,આરોપી ઉપર રહેમ રાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવેતો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે. તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાયી અને ઉચીત માનું છું.

(૬) નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ***<u>STATE OF GUJARAT Vs. NATWAR HARCHANDJI THAKOR, 2005 (1) GLR 709</u>*** નાં ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, The word "special" has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be

recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused. (Para 42; See also Paras 35, 43 and 44)જે પ્રસ્થાપિત સિધ્ધાંતને હાલનાં કેસની હકીકત સાથે લક્ષમાં લેવામાં આવે તો, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુતમ સજાની જોગવાઈ હોવા છતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોકત ચુકાદો આરોપીના કેસને તથા સંજોગોને અનુરૂપ થતો હોય તેમ જણાય આવે છે.

(૭) સદર કેસનું રેકર્ડ તથા ફરીયાદ પેપર્સ ધ્યાને લેતા તેમજ આરોપીની આર્થિક સ્થિતી તથા સદર ગુના અંગે દયાની માંગણી જોતા, આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

આ કામનાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ,૧૯૭૩ ની ક. ૨૫૨ મુજબ **ગુજરાત નશાબંધી (સુધારા)અધીનીયમ-૨૦૧૭ ની કલમ-૬૬(૧)(બી)**ના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને **રૂા.૧૦૦/- (અંકે રુપિયા એકસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને **દિન-03**ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તા.**૨૨ મી માહે જુન સને ૨૦૨૪** ના રોજ સ્પે.સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

બાયડ.
તા. ૨૨/૦૬/૨૪

(આર.વી.ચાવડા)**GJ01019.**
એડીશ્નલ ચી.જ્યુ.મેજી.,બાયડ,
જી.અરવલ્લી.

દંડના રૂ............
પા.નં........થી જમાં લીધા
તા. ૨૨/૦૬/૨૦૨૪
નાઝર